Tuesday
30.05.2023
*Volume :7 * Issue No.301
*Email.: kamalamgujarat@gmail.com
*www.kamalamgujarat.com
*Editor :Mahesh N. Patel:- (98249 10606)

વિશ્વાસથી વિકાસ યાત્રા

ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

વંદે માતરમ્

# કમલમ્

KAMALAM

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક Daily

RNI No.:GUJGUJ/2016/73451
PRINTED MATTER

To,

*Managing Editor: Arjun Sondarva *Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04 *Rs. 00.25/- *Annual Rs. 90/-

## “ઇન્ફ્રાસ્ટ્રક્ચરને આપવામાં આવેલા વેગના સૌથી વધુ લાભાર્થીઓ પૂર્વ અને પૂર્વોત્તર ભારતના રાજ્યો રહ્યાં છે”

**“માળખાકીય સુવિધા દરેક માટે છે અને તેમાં કોઇ ભેદભાવ નથી કરવામાં આવતો, માળખાકીય સુવિધાઓનો વિકાસ એ સાચો સામાજિક ન્યાય અને સાચી બિનસાંપ્રદાયિકતા છે”**

# પ્રધાનમંત્રીએ ગુવાહાટીથી ન્યૂ જલપાઇગુડીને જોડતી આસામની પ્રથમ વંદે ભારત એક્સપ્રેસને લીલી ઝંડી બતાવી

## નવા ઇલેક્ટ્રિફાઇડ સેક્શન અને નવા બાંધવામાં આવેલા ડેમૂ/મેમૂ શેડનું લોકાર્પણ કર્યું





### “ભારતીય રેલ્વે ગતિની સાથે સાથે લોકોના હૃદય, સમાજ અને તકોને જોડવાનું માધ્યમ બની ગયું છે”

કમલમ્ ન્યુઝ,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ આજે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા આસામની પ્રથમ વંદે ભારત એક્સપ્રેસને લીલી ઝંડી બતાવીને રવાના કરી હતી. આ વંદે ભારત એકસપ્રેસ ગુવાહાટીને ન્યૂ જલપાઈગુડી ગુવાહાટી સાથે જોડશે અને બંને સ્ટેશવો વચ્ચેની મુસાફરીમાં ૫ કલાક ૩૦ મિનિટનો સમય લાગશે. પ્રધાનમંત્રીએ નવા ઈલેક્ટ્રોફાઈડ સેક્શનના ૧૮૨ કિલોમીટરના રૂટનું પણ લોકાર્પણ કર્યું હતું અને આસામના લુમડિંગ ખાતે નવા બાંધવામાં આવેલા ડેમૂ/મેમૂ શેડનું ઉદ્‌ઘાટન કર્યું હતું. આ કાર્યક્રમમાં ઉપસ્થિતોને સંબોધન આપતા પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, પૂર્વોત્તરના જોડાણ માટે આજનો દિવસ એક ખૂબ જ મોટો દિવસ છે કારણ કે વિકાસલક્ષી ત્રણ કાર્યો એકસાથે પૂર્ણ થઈ રહ્યાં છે. પ્રધાનમંત્રીએ વિગતવાર જણાવ્યું કે, સૌપ્રથમ તો પૂર્વોત્તાર પ્રદેશને આજે તેની પ્રથમ વંદે ભારત એક્સપ્રેસ મળી રહી છે તેમજ આ ત્રીજી વંદે ભારત એક્સપ્રેસ છે જે પશ્ચિમ બંગાળને જોડે છે. બીજું કે, આસામ અને મેઘાલયમાં અંદાજે ૪૨૫ કિલોમીટરના રેલ્વે ટ્રેકનું વિદ્યુતીકરણ કરવામાં આવ્યું છે. અને, ત્રીજું કામ એ છે કે, આસામના લુમડિંગમાં એક નવા બાંધવામાં આવેલા ડેમૂ/મેમૂ શેડનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું છે. પ્રધાનમંત્રીએ આ મહત્વપૂર્ણ અવસર પર આસામ, મેઘાલય અને પશ્ચિમ બંગાળ સહિત સમગ્ર પૂર્વોત્તારના નાગરિકોને અભિનંદન પાઠવ્યા હતા. પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, ગુવાહાટી – ન્યૂ જલપાઈગુડી વંદે ભારત ટ્રેન આસામ અને પશ્ચિમ બંગાળ વચ્ચેના સદીઓ જૂના સંબંધોને વધુ મજબૂત બનાવશે. આના કારણે પ્રવાસની સરળતામાં વધારો થશે અને વિદ્યાર્થીઓને મોટો લાભ મળશે તેમજ પર્યટન અને વ્યવસાયથી ઉદ્ભવતી નોકરીની તકોમાં પણ વધારો થશે. તેમણે આગળ જણાવ્યું હતું કે, આ વંદે ભારત ટ્રેન કામાખ્યા માતા મંદિર, કાઝીરંગા, માનસ રાષ્ટ્રીય ઉદ્યાન અને પોબીટોરા વન્યજીવ અભયારણ્યને કનેક્ટિવિટી પૂરી પાડશે. આ ઉપરાંત, પ્રધાનમંત્રીએ ધ્યાન દોર્યું કે, આ ટ્રેન શિલોંગ, મેઘાલયમાં ચેરાપુંજી અને અરુણાચલ પ્રદેશમાં તવાંગ અને પાસીઘાટમાં પ્રવાસ અને પર્યટનમાં વધારો કરશે. NDA સરકારેસત્તાનું સુકાન સંભાળ્યું તેના ૯ વર્ષ પર પ્રકાશ પાડતા પ્રધાનમંત્રીએ ટિપ્પણી કરી હતી કે, આ વર્ષો દરમિયાન દેશે અસંખ્ય સિદ્ધિઓ પ્રાપ્ત કરી છે અને નવા ભારતની દિશામાં આગળ વધીને અભૂતપૂર્વ વિકાસનો સાક્ષી બન્યો છે. તેમણે સ્વતંત્ર ભારતના નવા ઉદ્‌ઘાટન કરવામાં આવેલા ભવ્ય સંસદ ભવન પર પ્રકાશ પાડ્યો હતો અને જણાવ્યું હતું કે, તે ભારતના હજાર વર્ષ જૂના લોકતાંત્રિક ઈતિહાસને તેની ભવિષ્યની સમૃદ્ધ લોકશાહી સાથે જોડશે. ભૂતકાળની સરકારોનો ઉલ્લેખ કરીને, પ્રધાનમંત્રીએ ધ્યાન દોર્યું હતું કે, ૨૦૧૪ પહેલાંના કૌભાંડોએ તમામ રેકોર્ડ તોડી નાખ્યા હતા, જેમાં ગરીબો અને વિકાસમાં પાછળ રહેલા રાજ્યોને સૌથી વધુ અસર થઈ હતી. પ્રધાનમંત્રીએ ઘરો, શૌચાલય, નળના પાણીના જોડાણો, વીજળી, ગેસ પાઈપલાઈન, એઈમ્સના વિકાસ, રસ્તાઓ, રેલ્વે, એરવેઝ, એરવેઝને ઈન્ફ્રાસ્ટ્રક્ચર, જળમાર્ગો, બંદરો અને મોબાઈલ કનેક્ટિવિટીને પ્રોત્સાહન આપવાના ઉદાહરણો આપ્યા હતા અને ટિપ્પણી કરી હતી કે, “અમારી સરકારે ગરીબોના કલ્યાણને પ્રાથમિકતા આપી છે”. તેમણે એ વાતને રેખાંકિત કરી હતી કે, સરકારે આ લક્ષ્યોને પ્રાપ્ત કરવા માટે પૂરી તાકાતથી કામ કર્યું છે. ઈન્ફ્રાસ્ટ્રક્ચર લોકોના જીવનને સરળ બનાવેછે, રોજગારીની તકોનું સર્જન કરે છેઅને વિકાસનો આધાર બને છે તે વાત નોંધ લેતા પ્રધાનમંત્રીએ ઉલ્લેખ કર્યો હતો કે, ભારતમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસને મળેલી ગતિ અંગે સમગ્ર વિશ્વમાં ચર્ચા થઈ રહી છે. પ્રધાનમંત્રીએ આગળ જણાવ્યું હતું કે, આ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ગરીબ, પછાત, દલિતો, આદિવાસીઓ અને સમાજના અન્ય વંચિત વર્ગોને મજબૂત અને સશક્ત બનાવે છે. વિકાસનું આ સ્વરૂપ સામાજિક ન્યાય અને બિનસાંપ્રદાયિકતાનું શુદ્ધ સ્વરૂપ છે એ વાતને રેખાંકિત કરીને પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, “ઈન્ફ્રાસ્ટ્રક્ચર દરેક માટે છે અને તે ભેદભાવ કરતું નથી”. પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, માળખાકીય સુવિધાઓને જે વેગ આપવામાં આવ્યો છે તેના કારણે સૌથી વધુ લાભ પૂર્વ અને પૂર્વોત્તર ભારતના રાજ્યોને થયો છે. તેમણે વધુમાં કહ્યું હતું કે, અગાઉના સમયમાં પૂર્વોત્તારના લોકો દાયકાઓ સુધી મૂળભૂત સુવિધાઓથી પણ વંચિત રહ્યા હતા. તેમણે કહ્યું હતું કે, ૯ વર્ષ પહેલાં સુધી વીજળી, ટેલિફોન અથવા સારી રેલ અને રોડ એર કનેક્ટિવિટી ધરાવતા ન હોતા ધરાવતા તેવા મોટી સંખ્યામાં ગામો અને પરિવારો પૂર્વોત્તર પ્રદેશના જ હતા પ્રધાનમંત્રીએ આ ક્ષેત્રમાં સેવાની ભાવના સાથે રેલ કનેક્ટિવિટી માટે જે કામ કરવા આવ્યા છે તેનું ઉદાહરણ આપ્યું હતું. પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, પૂર્વોત્તરમાં રેલ્વેની કનેક્ટિવિટી એ સરકારની ઝડપ, વ્યાપકતા અને ઈરાદાનો પુરાવો છે. પ્રધાનમંત્રીએ આગળ કહ્યું હતું કે, બ્રિટિશ સામ્રાજ્યના સમયમાં આ પ્રદેશના કુદરતી સંસાધનોને લૂંટવાના હેતુથી પણ આસામ, ત્રિપુરા અને બંગાળ રેલ્વેથી જોડાયેલા હતા. જો કે, આઝાદી પછી, આ પ્રદેશમાં રેલ્વેના વિસ્તરણની અવગણના કરવામાં આવી હતી અને આખરે ૨૦૧૪ પછી વર્તમાન સરકાર તેના માટે કામે લાગી છે. શ્રી મોદીએ આગળ કહ્યું હતું કે, તેમણે પૂર્વોત્તરના લોકોની સંવેદનશીલતા અને સુવિધાઓને સર્વોચ્ચ પ્રાથમિકતા આપી છે. તેમણે ઉમેર્યું હતું કે, આ પરિવર્તનનો સ્થાનિક લોકોને વ્યાપકપણે અનુભવ થયો છે. તેમણે એવી માહિતી આપી હતી કે, ૨૦૧૪ પહેલાં પૂર્વોત્તાર માટે સરેરાશ રેલવે બજેટ લગભગ ૨૫૦૦ કરોડ રૂપિયા ફાળવવામાં હતું, જે આ વર્ષે વધીને ૧૦ હજાર રૂપિયા કરતાં પણ વધુ થઈ ગયું છે અને આ બજેટ ચાર ગણો વધારો થયો હોવાનું બતાવે છે. હવે મણિપુર, મિઝોરમ, નાગાલેન્ડ, મેઘાલય અને સિક્કિમના પાટનગરોને દેશના બાકીના ભાગો સાથે જોડવામાં આવી રહ્યાં છે. તેમણે કહ્યું હતું કે, “ખૂબ જ ટૂંક સમયમાં પૂર્વોત્તારના તમામ પાટનગરોને બ્રોડગેજ નેટવર્ક સાથે જોડવામાં આવશે”. તેમણે ઉમેર્યું હતું કે, “આ વિવિધ પ્રોજેક્ટ પર એક લાખ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવી રહ્યો છે.” પ્રધાનમંત્રીએ નોંધ્યું હતું કે, પૂર્વોત્તરમાં નવી રેલ લાઈનો પહેલાં કરતા ત્રણ ગણી ઝડપે નાખવામાં આવી રહી છે અને પહેલાંના સમયની સરખામણીએ ૯ ગણી ઝડપી રેલવે લાઈનોનું ડબલિંગ કરવામાં આવી રહ્યાં છે અને તેમણે ઉમેર્યું હતું કે, “સરકારના વિકાસ કાર્યોની વ્યાપકતા અને ગતિ અભૂતપૂર્વ રહી છે” પ્રધાનમંત્રીએ ઉલ્લેખ કર્યો હતો કે, રેલ્વે લાઈનનું ડબલિંગ કરવાનું કામ છેલ્લાં ૯ વર્ષમાં શરૂ થયું હતું અને સરકાર ખૂબ જ ઝડપી ગતિએ સંતૃપ્તિ સ્તર તરફ આગળ વધવા માટે કામ કરી રહી છે. પ્રધાનમંત્રીએ પૂર્વોત્તરના ઘણા દૂરના વિસ્તારો રેલ્વેથી જોડાયેલા છે તેના માટે વિકાસની ગતિને શ્રેય આપ્યો હતો. તેમણે માહિતી આપી હતી કે, લગભગ ૧૦૦ વર્ષ પછી નાગાલેન્ડને તેનું બીજું રેલવે સ્ટેશન મળ્યું છે. પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, હવે વંદે ભારત સેમી હાઈ-સ્પીડ ટ્રેન અને તેજસ એક્સપ્રેસ એ જ પાથ પર દોડી રહી છે, જ્યાં એક સમયે ઓછી ગતિ માટે સક્ષમ નેરોગેજ લાઈનો ઊભી હતી. તેમણે પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બનેલા ભારતીય રેલ્વેના વિસ્ટા ડોમ કોચનો પણ ઉલ્લેખ કર્યો હતો. પ્રધાનમંત્રીએ ગુવાહાટી રેલ્વે સ્ટેશન પર પ્રથમ ટ્રાન્સજેન્ડર ટી સ્ટોલનો ખાસ ઉલ્લેખ કર્યો હતો અને ટિપ્પણી કરી હતી કે, “ભારતીય રેલ્વે ગતિ સાથે લોકોના હૃદય, સમાજ અને તકોને જોડવાનું માધ્યમ બની ગયું છે”.

તેમણે આગળ જણાવ્યું હતું કે, જેઓ સમાજ પાસેથી વધુ સારા વર્તનની અપેક્ષા રાખે છે તેમને સન્માનભર્યું જીવન આપવાની દિશામાં હાથ ધરાયેલો આ એક પ્રયાસ છે. ’વન સ્ટેશન, વન પ્રોડક્ટ’ યોજના પર પ્રકાશ પાડતા પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, આ યોજના હેઠળ પૂર્વોત્તારમાં રેલ્વે સ્ટેશનો પર સ્ટોલ સ્થાપિત કરવામાં આવ્યા છે જેમાં લોકલ ફોર વોકલ પર ભાર મૂકવામાં આવ્યો છે, જેના કારણે સ્થાનિક કારીગરો, શિલ્પકારો અને કારીગરો માટે નવું બજાર ઉપલબ્ધ થાય છે. તેમણે પૂર્વોત્તરમાં સેંકડો સ્ટેશનો પર આપવામાં આવતી વૈ-ફૈ સુવિધાનું ઉદાહરણ પણ આપ્યું હતું. તેમણે કહ્યું હતું કે, “સંવેદનશીલતા અને ગતિના આ સંયોજનથી જ પૂર્વોત્તાર પ્રદેશ પ્રગતિના માર્ગ પર આગળ વધશે અને વિકસિત ભારતની દિશામાં આગળ વધવાનો માર્ગ મોકળો કરશે.”

**અત્યાધુનિક ટેકનોલોજી અને સુવિધાઓથી સજ્જ વંદે ભારત એક્સપ્રેસ પ્રદેશના લોકોને ઝડપ અને આરામદાયકતા સાથે મુસાફરી કરવા માટેનું માધ્યમ પૂરું પડશે. આ ટ્રેનના કારણે આ પ્રદેશમાં પર્યટનને પણ વેગ મળશે. આ ટ્રેન ગુવાહાટીને ન્યૂ જલપાઇગુડી સાથે જોડતી હોવાથી, આ બે સ્થળોને જોડતી હાલની સૌથી ઝડપી ટ્રેનની સરખામણીમાં તેમાં મુસાફરીમાં લગભગ એક કલાકનો સમય બચાવી શકાશે. વંદે ભારત ટ્રેન આ બંને સ્ટેશનો વચ્ચેનું અંતર ૫ કલાક ૩૦ મિનિટમાં આવરી લેશે , જ્યારે હાલની સૌથી ઝડપી ટ્રેન આટલી જ મુસાફરીને આવરી લેવા માટે ૬ કલાક ૩૦ મિનિટનો સમય લે છે.**

**“પૂર્વોત્તરની પ્રથમ વંદે ભારત એક્સપ્રેસ પર્યટન ક્ષેત્રને વેગ આપશે અને કનેક્ટિવિટીમાં વધારો કરશે”**

## ગૌ–ટેક. એક્સ્પોમાં મંત્રીશ્રી રાઘવજીભાઈ પટેલે સાધ્યો વિદ્યાર્થિનીઓ સાથે સીધો સંવાદ



કમલમ્ ન્યુઝ,રાજકોટ

રાજકોટમાં રેસકોર્સ ખાતે આયોજિત ગૌ-ટેક. એકસ્પો-૨૦૨૩ના સમાપન સમારોહની શરૂઆતમાં કૃષિ મંત્રીશ્રી રાઘવજીભાઈ પટેલે મોદી સ્કુલની વિદ્યાર્થિનીઓ સાથે સીધો સંવાદ કરતા જણાવ્યું હતું કે, પ્રાચીન સંસ્કૃતિમાં ગાયનું ખુબ મહત્વ છે. આ પાંચ દિવસીય પ્રદર્શનમાં સમગ્ર દેશ-વિદેશના ગૌભક્તો, ઉદ્યોગપતિઓ સહીત સામાન્ય લોકોએ ભાગ લીધો હતો. જેમાં ગાય કેન્દ્રિત વિવિધ વિષયો અંગે નિષ્ણાતોએ વ્યાખ્યાનો આપ્યાં હતાં. તેમજ ગાય આધારિત વસ્તુઓનું વેચાણ-સહ-પ્રદર્શન યોજાયું હતું. ગાય આધારિત વસ્તુઓ રોજિંદા ભોજનમાં લેવાથી સ્વાસ્થ્ય ખુબ જ સારું રહે છે. તેમજ પ્રાકૃતિક ખેતી સૌથી વધુ દેશી ગાય આધારિત કરવામાં આવે છે. આ પ્રસંગે વિદ્યાર્થિનીઓ સાથે મંત્રી શ્રી રાઘવજીભાઈએ ગાય આધારિત પ્રશ્નો અંગે ચર્ચા કરી હતી. જેમાં કૃષિ ક્ષેત્રના બજેટ તથા કૃષિના સાધનોની સહાય અંગે માહિતી આપી હતી. અને દેશભરમાં થતાં ગૌ-ટેક જેવા પ્રદર્શનો અને કાર્યક્રમો થકી છેવાડાના માનવી સુધી ગૌ આધારિત વસ્તુઓ પહોંચાડીને તેમના જીવનમાં આર્થિક રીતે સુધાર લાવી શકાય, તે અંગે માહિગાર કર્યા હતા. આ તકે શાળાના આચાર્યશ્રી, અગ્રણીશ્રી રાજુભાઈ ધ્રુવ અને આશરે ૧૬૦ વિદ્યાર્થિનીઓ ઉપસ્થિત રહયા હતા.

# સમર સ્કીલ વર્કશોપથી તાલીમાર્થીઓનાં જીવનમાં આમૂલ પરિવર્તન આવશે- કેબિનેટ મંત્રીશ્રી બળવંતસિંહ રાજપૂત

## સમર સ્કીલ વર્કશોપ માટે રાજ્યમાં ૨૧૦૦૦ થી વધુ તાલીમાર્થીઓએ નોધણી કરાવી છે : કેબિનેટ મંત્રીશ્રી બળવંતસિંહ રાજપૂત







કમલમ્ ન્યુઝ,પાટણ

રોજગાર અને તાલીમ નિયામકની કચેરી ગાંધીનગરના કાર્યક્ષેત્ર હેઠળની ઔદ્યોગિક તાલીમ સંસ્થા સિધ્ધપુર ખાતે કેબિનેટ મંત્રીશ્રી બળવંતસિંહ રાજપૂતના વરદ હસ્તે સમર સ્કીલ વર્કશોપ સમારંભ સમારોહ સિધ્ધપુર મુકામે યોજાયો. કેબિનેટ મંત્રીશ્રી ઔદ્યોગિક તાલીમ સંસ્થાના તાલીમાર્થીઓનું પ્રદર્શન નિહાળ્યું. ત્યારબાદ દિપ પ્રાગટ્યકરી કાર્યક્રમને તાલીમાર્થીઓ માટે ખુલ્લો મુકવામાં આવ્યો. સમર સ્કીલ વર્કશોપ સમારંભ સમારોહને સંબોધતા માનનીય મંત્રીશ્રીએ જણાવ્યું, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની દીર્ઘદ્રષ્ટિના લીધે ગુજરાત ૨૦ વર્ષમાં સૌથી વધુ રોજગારીઆપનાર રાજ્ય બન્યું છે. બજેટ વખતે ચિંતન મનન કરી સમર સ્કીલ વર્કશોપમાટે ૫ કરોડની ફાળવણી કરવામાં આવી. જેનો લાભ રાજ્યના ધોરણ ૫ થી ૧૨ માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ લેશે. સમગ્ર ગુજરાતમાં ૨૮૮ ઔધોગિક તાલીમ સંસ્થાઓમાં સમર સ્કીલવર્કશોપનો લાભ મળશે. ગર્વ લેવાની વાત છે કે સમર સ્કીલ વર્કશોપના પોર્ટલ ૨૧૦૦૦ થી વધુ તાલીમાર્થીઓએ નોંધણી કરાવી છે. તેનાથી તાલીમાર્થીઓનાં જીવનમાં આમૂલ પરિવર્તન આવશે. જે વિદ્યાર્થી સ્કિલમાં આગળ વધે તે માટે ગુજરાત સરકાર ચિંતા કરી રહી છે. ભારત દેશ વિશ્વના દેશો સાથે કદમ મિલાવી શકે તે માટે સ્કીલ યુનિવર્સિટીનું નિર્માણ કરવામાં આવી રહ્યુ છે. હું દેશના યુવાઓને આહવાન કરુ છુ કે તેઓ ૨૧ મી સદીમાં વાઈફાઈ અને ટેકનોલોજીના જમાનામાં સમય સાથે કદમ મિલાવીને આગળ વધે. રાજ્યમાં ૨૮૮ સરકારી ઔધોગિક તાલીમ સંસ્થાઓમાં સમર સ્કીલ વર્કશોપ યોજવા માટે વિદ્યાર્થી દીઠ ૫૦૦ લેખે સરકારશ્રી દ્વારા ૫૦૦.૦૦ લાખની નાણાકીય જોગવાઈ અંગેનો ઠરાવ કરવામાં આવેલ છે. સમર સ્કીલ વર્કશોપ દરમ્યાન વિદ્યાર્થીઓને વ્યવસાયિક તાલીમનું માર્ગદર્શન મળી રહે તે હેતુસર વિવિધ સેકટર/ વ્યવસાય જેવા કે ઈલેક્ટ્રિકલ, ઓટોમોબાઈલ, હાઉસ વાયરીંગ, કોમ્પુટર, ગારમેન્ટ, બ્યુટીશિયન અંગેની વિવિધ એકટીવીટી દ્વારા તાલીમ આપવામાં આવશે. આ તાલીમથી વિદ્યાર્થીઓ વોકેશનલ તાલીમ પ્રત્યે જાગૃતતા વધશે. હાઉસ હોલ્ડ સ્કીલ એકટીવીટીમાં ભાગ લેવાથી વિદ્યાર્થીઓના સ્કિલ ટ્રેનિંગ પ્રત્યેનો ઉત્સાહ વધશે. રાજ્યની તમામ સરકારી ઔધોગિક તાલીમ સંસ્થાઓમાં દરરોજના ૦૨ કલાક - ૫ દિવસ/૨.૫ કલાક -૪ દિવસ/ ૫ કલાક -૦૨ દિવસ સમર સ્કીલ વર્કશોપ અંતગર્ત ૨૦ તાલીમાર્થીઓની બેન્ચ મુજબ તાલીમ આપવાનું આયોજન છે. ઔધોગિક તાલીમ સંસ્થા સિધ્ધપુર મુકામે૪૦૦જેટલા તાલીમાર્થીઓને સમર સ્કીલ વર્કશોપ અંતગર્ત તાલીમ આપવાનું આયોજન કરવામાં આવે છે. આ પ્રસંગે કેબિનેટ મંત્રીશ્રી બળવંતસિંહ રાજપૂત, જીલ્લા પંચાયત પ્રમુખશ્રી ભાનુમતીબેન મકવાણા, અધિક મુખ્ય સચિવશ્રી ડૉ. અંજુ શર્મા, નિયામકશ્રી રોજગાર ખાતું શ્રીમતી ગાર્ગી જૈન, પ્રાંત અધિકારીશ્રી સંકેત પટેલ ,સંગઠનના હોદ્દેદાર નંદાજી ઠાકોર , ચેરમેનશ્રી વિષ્ણુભાઈ પટેલ, નાયબ નિયામકશ્રી કે. બી. પટેલ, જશુભાઈ પટેલ ઉપરાંત મોટી સંખ્યમાં તાલીમાર્થીઓ હાજર રહ્યા હતા.

